# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-07-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

---------------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# MANSUKH MANDAVIYA JND MEET

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ જુનાગઢમાં વિકાસકાર્યોની સમીક્ષા કરી. વિવિધ વિભાગના અધિકારીઓ સાથેની બેઠકમાં તેમણે ઝડપી અને પારદર્શક અને નિર્ધારિત સમયમર્યાદામાં વિકાસકાર્યો પૂર્ણ કરવા અધિકારીઓને સૂચનો આપ્યા. કેશોદ વિમાનમથક પર વર્ષ 2027 સુધીમાં ઍરબસ અને કાર્ગો ઉડાનનું સંચાલન શરૂ કરવા સરકારના અભિગમ અંગે પણ તેમણે માહિતી આપી.

આ ઉપરાંત શ્રી માંડવિયાએ જુનાગઢ પંથકમાં ભારે વરસાદથી થયેલા  નુકસાનની માહિતી મેળવી. સાથે જ તેમણે સંભવિત કુદરતી આપત્તિઓને ધ્યાનમાં રાખી આપત્તિ વ્યવસ્થાપન સહિતના તમામ સંબંધિત વિભાગને સતર્ક રહી જરૂરી બચાવ અને રાહતકાર્ય માટે સજ્જ રહેવા સૂચના આપી.

# GUJ RELIEF WORK

રાજ્ય સરકાર દ્વારા સુરતના પૂરગ્રસ્ત વિસ્તારોમાં સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવા વ્યાપક રાહત કામગીરી પૂરજોશમાં શરૂ કરવામાં આવી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં પુનર્વસન પ્રયાસને ઝડપી બનાવવા જિલ્લા સંકલન, મહાનગરપાલિકા અને વહીવટી અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરની સમીક્ષા બેઠક યોજી હતી.

શ્રી સંઘવીએ વહીવટીતંત્રને આગામી 48થી 72 કલાકમાં સામાન્ય જીવન અને વ્યવસાયોને સંપૂર્ણપણે પુર્વવત્ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે કહ્યું, નવ હજારથી વધુ પરિવારનો ઘરેઘરે સરવે પૂર્ણ થયો છે. જ્યારે 800થી વધુ અસરગ્રસ્ત પરિવારને છ હજાર 800 રૂપિયા પ્રતિપરિવાર સહાય સાથે રોકડ રકમનું વિતરણ કરાયું છે. બાકીના ઘરોને આવરી લેવા અને 58 વાણિજ્યિક ઝૉનમાં સ્થાનિક વેપારીઓને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા વિશેષ ટીમ કાર્યરત્ હોવાનું પણ શ્રી સંઘવીએ ઉમેર્યું.

# NITIN GADKARI GNR MEETING

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ રાજ્યના રાષ્ટ્રીય રાજમાર્ગના કામની સમીક્ષા કરી. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત સંબંધિત વિભાગના વરિષ્ઠ સચિવો સાથે ઉચ્ચસ્તરની બેઠકમાં શ્રી ગડકરીએ વિવિધ મુદ્દા પર ચર્ચા કરી. તેમણે અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વેને ભાવનગર સુધી લંબાવવાની કામગીરી આગામી ત્રણ મહિનામાં શરૂ કરવાની માહિતી આપી. ઉપરાંત તેમણે રાજ્યના રાષ્ટ્રીય રાજમાર્ગના કામ માટે ભંડોળ મેળવવા દરખાસ્ત મોકલવા સરકારને અનુરોધ કર્યો હતો. જ્યારે શ્રી પટેલે પાલનપુર–સામખિયાળી માર્ગ વિસ્તરણ કામમાં ઝડપ લાવવા શ્રી ગડકરીને અનુરોધ કર્યો.

# PRAFUL PANSHERIYA ON CHANDIPURA

રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કારણે ત્રણ લોકોના મોત થયાના અહેવાલ છે. આ અંગે પ્રતિક્રિયા આપતા આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ લોકોને સાવચેત રહેવા અપીલ કરી છે. આરોગ્ય વિભાગ દ્વારા ચાંદીપુરા વાયરસના પૉઝિટિવ અને શંકાસ્પદ કેસ પર સતત નજર રાખવામાં આવી રહી હોવાનું શ્રી પાનશેરિયાએ જણાવ્યું.

**(BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)**

# STATE RAIN DATA

રાજ્યભરમાં વરસાદે વિરામ લીધો છે. દરમિયાન આજથી બે દિવસ સમગ્ર રાજ્યમાં છૂટછવાયા સ્થળ પર સામાન્ય વરસાદની આગાહી છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 25 ટકા વરસાદ થતાં રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનામાં 66 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. તો, 10 બંધને હાઈઅલર્ટ પર રખાયા છે.

બીજી તરફ, ચોમાસામાં પહેલી જૂનથી અત્યાર સુધીમાં વહીવટી તંત્ર દ્વારા આઠ હજાર 324 લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું. જ્યારે ત્રણ હજાર 711 લોકોને બચાવાયા છે. જ્યારે માછીમારોને 12 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. દરમિયાન કોઈપણ કટોકટીને પહોંચી વળવા વિવિધ જિલ્લામાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ – NDRFની 12 અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ – SDRFની 26 ટુકડી તહેનાત કરવામાં આવી છે.

# STATE TRAIN UPDATE

પશ્ચિમ રેલવેના રાજકોટ મંડળ દ્વારા આજની પોરબંદર–સંતરાગાછી સાપ્તાહિક સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનના સમયમાં ફેરફાર કરાતા હવે આ ટ્રેન આજે રાત્રે સાડા 11 વાગ્યે ઉપડશે. આ ટ્રેનની સામે આવતી પૅરિંગ સિકંદરાબાદ–પોરબંદર એક્સપ્રેસ 17 કલાક મોડી દોડી રહી હોવાથી આ ફેરફાર કરાયો છે.

# AMBAJI TEMPLE WORK

બનાસકાંઠાના સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી મંદિરમાં આરસના પથ્થરોની ચમક પાછી લાવવા વિશેષ કામગીરી હાથ ધરાઈ. શ્રી આરાસુરી અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ અને વડોદરાની ખાનગી કંપનીના સહયોગથી હાથ ધરાયેલી આ કામગીરી અંદાજે છ માસમાં ત્રણ તબક્કામાં પૂર્ણ કરાશે. આ અંગે અંબાજી મંદિરના વહીવટદાર કૌશિક મોદીએ વધુ માહિતી આપી.

**(BYTE: KAUSHIK MODI, VAHIVATDAR, AMBAJI MANDIR)**